

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*આદેશો જેટલી નવી નોટો છાપી હોત તો ?*
*આ યશગાથા જેટલી ને જ આપી હોત તો ?*
*સ્થાપી હોત તો બધા પક્ષોએ પોતાની બેન્ક!*
*આના કરતાં 'વિકાસ' માળા જ જાપી હોય તો ?*

### હાઈકુ

*નાખ્યો છે પગ*
*કાળાં ધન કુંડાળે -*
*વળગ્યું ભૂત !*
*(હવે રોજ ધૂણે છે)*

*બન્યાં બંડલ,*
*ઉપાધિનાં પોટલાં -*
*ગુમાવી શાખ...*
*(અણ આવડત)*

### ચિંતન

**ધર્મેણ રાજ્યં વિન્દેત ધર્મેણ પરિપાલયેત્ ।**
**ધર્મમૂલાં શ્રિયં પ્રાપ્ય ન જહાતિ ન હીયતે ॥**

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

રાજાએ ધર્મથી રાજ્ય મેળવવું જોઈએ અને ધર્મથી તેનું પરિપાલન કરવું જોઈએ. (ખરેખર) ધર્મયુક્ત રાજ્યલક્ષ્મીને પામીને રાજા એને છોડતો નથી અને તે (લક્ષ્મી) પણ રાજાને નથી છોડતી.

આજના રાજાઓ - નેતાઓ ચૂંટણી માટેનું અરજી ફોર્મ ભરે એમાં જ ખોટી - અધૂરી માહિતી આપે પ્રચારમાં - ચૂંટણી જીવતામાં મત-ગણતરી સુધી 'અધર્મ'નો સહારો લઈ કાળાં નાણાં અને દુષ્કૃત્યો દ્વારા ચૂંટણી જીતે - રાજગાદી મેળવે.

તે પછી પણ ભ્રષ્ટાચાર-કૌભાંડ-ખાયકી દ્વારા ધન એકત્ર કરે છે અને લક્ષ્મીનો ભંડાર ભરે છે. આ અલક્ષ્મી એમના જીવનમાં વિનાશ માટે જ એકક્ષ કરવામાં આવે છે.

સત્યપથ અને ધર્મથી પ્રજાપાલન કરતા રાજાઓ આજે 'વાર્તા'માં જ મળે... વાસ્તવમાં તો શક્ય નથી.

### સુવિચાર

- સત્તા, સંપત્તિ, સમય અને શરીર સાથ આપે ન આપે પણ, સ્વભાવ, સમજદારી, સત્સંગ, સાચો સંબંધ હંમેશા સાથ આપે છે - **અમૃતબિંદુ**
- પ્રતિભાનો વિકાસ શાંત વાતાવરણમાં થાય છે, ઔર ચરિત્રનો વિકાસ માનવ જીવનના તેજ પ્રવાહમાં - **જીવનસૂત્ર**
- સ્તુતિથી ભરમાઈ જનારા અને નિંદાથી કમાઈ જનારા લોકો કોઈ મહાન કાર્ય કરી શકતા નથી - **હરિભાઈ કોઠારી**
- ફરિયાદ કરનારાઓ એ નથી જાણતા કે પોતાની ફરિયાદ પાછળ બીજું કોઈ નહિં, પોતે જ જવાબદાર હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જયારે બહુ હોંશિયારી આવી જાય છે ત્યારે માણસ પોતાને જ ઠગવા માંડે છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- નફરત ને ડામવા પ્રેમ જેવું અકસીર ઓસડ બીજું કોઈ નથી - **વજુ કોટક**
- આપણી અંદર સંભાવનાઓ વિસે આપણે જાણતા નથી, કે જાણવાની કોશિશ કરતા નથી જે આપણો મોટો ગુનો છે - **અમૃતા પ્રિતમ**
- આજનું ઔષધ : જીરાની ફાકી ખાવાથી સ્ત્રીનું ધાવણ વધે છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ગુરુ, માતા-પિતા, આચાર્ય વગેરે પોતાના શિષ્ય-સંતાનને પ્રેમ તો સરખો એક આંખે જ કરે છે પરંતુ હોંશિયાર - વિનયી તરફ તેમનું વર્તન અલગ હોય છે તો ફાની-ઉદંડ તરફ તેમનો વર્તાવ અલગ હોય છે. જે બાળક અને શિષ્યના હિત માટે જ હોય છે.

એકવાર એક યુવાન આશ્રમના ગુરુ ઉપાધ્યાય પાસે ઉશ્કેરાટમાં આવ્યો અને કહ્યું મારા પુત્રએ ફરિયાદ કરી છે કે આપનો વર્તાવ ભેદભાવપૂર્ણ છે આપ બધા બાળકોને સમાનદષ્ટિએ જોતા નથી.

ગુરુજી કહે તમારી વાત તદન સાચી છે પાત્ર અને અપાત્ર વચ્ચે ભેદ તો હોય જ ને?! અમારી દષ્ટિમાં બધાં બાળકોનું હિત સમાન છે પરંતુ કોને માટે કયો રસ્તો અપનાવવો એ તો અમારે જ નક્કી કરવાનું હોય -

યુવાન કહે આમ છતાં તમારે 'સમાનતા' બાબત જાગૃત રહેવું જોઈએ.

ગુરુજી એ પુછ્યું - તમે તમારાં માતુશ્રીને પગે લાગો છો ? યુવાન કહે - હાસ્તો, પ્રસંગોપાત... ગુરુ : અને પત્નીને ? યુવા નીચે જોઈ ગયો.

ગુરુજી કહે - કેમ એ પણ સ્ત્રી છે સમત્વ કેળવી એને પણ પગે લાગવામાં શું વાંધો આવે?

# મોદીનો ધ્રુજારો : નીવડે વખાણ

### તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી નોટબંધી પછી સરજાયેલી અંધાધૂંધી છતાં એમના 'રાષ્ટ્રનિર્માણ'ના કાર્યક્રમને અક્ષરશ: વળગી રહેવા કૃતસંકલ્પ છે. એમની કલ્પના મુજબના આદર્શ, ભ્રષ્ટાચાર મુક્ત રાષ્ટ્રનું સર્જન રાતોરાત શક્ય નથી લાગતું, પરંતુ હવે તેઓ વધુ રાહ જોવા પણ તૈયાર નથી. વિશ્વનેતા તરીકેની મૂઠી ઊંચેરી ઈમેજ ટકાવી રાખવા માટે અને દેશને મહાસત્તા તરીકે પ્રસ્થાપિત કરવા માટે તેઓ એમના બાકી રહેલા કાર્યકાળની પળે પળનો ગણતરીપૂર્વક વિનિયોગ કરવા માગે છે. આ પ્રકારની ઝુઝારુ નેતાગીરી કદાચ દેશને પહેલી જ વાર મળી હોય એવો આભાસ જરૂર ઊભો થાય. જે ગરીબો અત્યાર સુધી ભારતીય જનતા પાર્ટીને ફક્ત જમણેરી વિચારધારાવાળી મૂડીવાદીઓની જ તરફદારી કરનાર રાજકીય સંગઠન માનતા હતા એમને પણ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ હવે ભાજપા પૂરેપૂરી બદલાઈને અગાઉના કોંગ્રેસ મોડેલમાં ઢળી રહી હોય એવું લાગતું હશે. મોદીએ હવે કાળાં નાણાં ધરાવતા લોકોને નિશાન બનાવવાનું નક્કી કરીને સ્વભાવિક રીતે જ આમ - આદમી 'કોમન મેન'ના હૈયે વર્ષોથી ઘૂંટાતી લાગણીનો જ પડઘો પાડ્યો છે. એમણે એમની આગવી શૈલીમાં પુણે નજીકની સભામાં જે ઉગ્ર શબ્દો ઉચ્ચાર્યા છે તે એમની રાજનીતિ છે કે પછી તેઓ ખરેખર એવો માર્ગ અપનાવવાના છે,એની ખાતરી તો ભવિષ્યમાં એમના દ્વારા લેવાનાર તથાકથિત કઠોર પગલાં પછી જ થઈ શકશે. કાળાં નાણાંને ધોળાં કરવાના કારસામાં સંડોવાયેલ બેન્કરો પર પણ સરકાર ત્રાટકશે, એવી ચોખ્ખી ધમકી આપીને મોદીએ આગામી દિવસોના વધુ એક આકરા નાણાંકીય નિર્ણયનો અણસાર આપી દીધો છે. પોતે ૩૦ ડિસેમ્બર પછી સૂવાના નથી અને ભ્રષ્ટાચારીઓને સૂવા દેવાના નથી - એવા રણટંકાર સાથે એમમે પ્રજાના સુખી ગણાતા વર્ગને વેળાસર 'સુધરી જવા' અને આવક મુજબ કરવેલા ભરવાનો સંકેત પણ આપી જ દીધો છે. બીજી તરફ ગરીબો, ખેડૂતો અને વિદ્યાર્થીઓ કે નવા ઉદ્યોગસાહસિકોને માટે સાનુકૂળ યોજનાઓનો અણસાર પણ આપી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના એક ટકા સધ્ધર વર્ગના હિતમાં નવ્વાણું ટકા ગરીબોને શૂળીએ ચડાવી રહ્યા છે, એ મતલબના આક્ષેપો રાહુલ ગાંધી, મમતા બેનરજી, માયાવતી અને મુલાયમસિંહ સહિતના વિપક્ષી અગ્રણીઓ કરતા રહે છે. એથી ઉશ્કેરાઈને મોદી પોતાની કલ્પનાના કાર્યક્રમને વધુ ઉગ્ર સ્વરૂપે આગળ ધરાવવા જઈ રહ્યા હોય એવી શક્યતા વરતાઈ રહી છે. દેશને બદલી નાખવા કરતાં ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં વિજયવાવટો ફટકાવવાની ટોપ પ્રાયોરિટી વિશે ભાગ્યે જ કોઈને શંકા હોઈ શકે. પરંતુ જો તેઓ ખરેખર દેશને બદલી શકશે તો ઈતિહાસમાં અવતારપુરુષ જેવું સ્થાન પ્રાપ્ત કરશે એમાં શંકાને સ્થાન નથી.

# જનતામાં કાયદાનો ડર અને માન બન્ને હોવા જોઈએ



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

આમ જનતામાં કાયદો તથા ન્યાય અંગે એવો મત જોવા મળે છે કે કાયદો કોઈપણ મોટા કે ધનાઢય માણસ રૂપિયાથી ખરીદી શકે છે. આ પ્રકારની માનસીકતા આમ જનતામાં નહિ બદલાય ત્યાં સુધી ન્યાય તંત્ર ઉપર સામાન્ય લોકોને વિશ્વાસ નહિ બેસે. આ માટે પબ્લીકમાં કાયદા પ્રત્યે માન અને ડર બન્ને હોવા જરૂરી જ નહિ આવશ્યક છે. આ માટે ન્યાયતંત્ર અને સરકાર બન્નેમાં એકસૂત્રતા જળવાવી જોઈએ. ન્યાય તંત્ર ઉપર સરકારનો હસ્તક્ષેપ ના હોવો જોઈએ પરંતુ સરકાર ઉપર ન્યાય તંત્રની કડક છાપ હોવી અનિવાર્ય જ નહિ પરંતુ આવશ્યક છે. જો તેમ નહિ થાય તો લોકશાહિના પ્રહરીઓ દ્વારા ન્યાય તંત્રના પાયા હલાવવાનો વારંવાર પ્રયાસ કરી ન્યાય તંત્ર ઉપર લોક તંત્ર (શાસક પક્ષ) હાવી થતો રહેશે.

સરકાર પક્ષે હમેશા કહેવામાં આવે છે કે કાયદો કાયદાનું કામ કરશે અને કાયદાના હાથ બહુ લાંબા છે પરંતુ હાથ કાયદાના નહિ પરંતુ શાસકના જ લાંબા પુરવાર થયા છે.

લોકશાહિ ત્યારે જ શકય છે જયારે શાસક પક્ષ ન્યાય તંત્રથી ડરે કાયદાનું પાલન કરવું એ આમ જનતા જ નહિ પરંતુ બ્યુરોકેટસ, ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ દરેક માટે ફરજીયાત અને આવશ્યક હોવું જોઈએ. વિદેશમાં કાયદા ઉપર અડગ શ્રધ્ધા અને વિશ્વાસ હોવાથી જ ન્યાય તંત્ર સ્વતંત્ર રીતે વર્તે છે. જયારે ભારતમાં ન્યાય તંત્ર ઉપર રાજકારણ હાવી હોવાથી અમીર છાપ આમ જનતા ઉપર હોય ન્યાય તંત્ર ઉપર વિશ્વાસ મુકતા નથી પરિણામે કાયદાના પાલનમાં બેફીકરતા આવતા ડર ગુમાવે છે. કાયદાનો ડર જ ભ્રષ્ટાચાર નાથી શકશે. નોટ બંધી દ્વારા તે શકય જ નથી, કાળા નાણાનો એક માત્ર આધાર રોકડ વ્યવહાર નહિ પરંતુ બેનામી સંપત્તી છે. બેનામી સંપત્તી એકટ ૧૯૮૮ ની કલમ ૪ તથા ૫ માં વખતો વખત સુધારા થતા રહે છે પરંતુ રાજકારણીઓના બેનામી સંપત્તીના કેસમાં આજદિન સુધી સુપ્રીમ કોર્ટે સજા ફરમાવી નથી જયલલીતાથી લઈ લાલુપ્રસાદ અને માયાવતીને બેનામી સંપત્તીના કેસમાં જામીન મળી જતા મુક્ત થયા છે અને કેસ ચાલતા સુધી કેટલાય રાજનેતાના મરણ થઈ જાય છે. લાંબી કાનૂની જટીલ પ્રક્રિયાનો ટેકનિકલ લાભ લઈ રાજકીય ગુન્હેગારો છટકી જતા આમ જનતાની માનસીકતા બદલવી અશકય થતી જાય છે. સંજય દત્તથી લઈ વિજય માલ્યા સુધીના કેસો આના જીવંત ઉદાહરણ છે. માત્ર કહેવા ખાતર જ કાયદો દરેક લોકો માટે સમાન છે એમ જણાવવામાં આવે છે વાસ્તવિકતા જોજનો દૂર છે.

કાયદા પ્રત્યે ડરની સાથે પ્રેમ અને સન્માન હોવું અતિ આવશ્યક છે. કાયદાનો બળથી નહિ પણ ફરજના ભાગ રૂપે જે દિવસે પાલન થશે તે દિવસે ન્યાય તંત્ર સુદ્રઢ, સરળ અને સચોટ પુરવાર થશે કાયદાના પ્રેમના કારણે ભય અને બીકના કારણે તેને તોડતા અટકાશે. ભારતમાં કાયદા પ્રત્યે જે માન સન્માન કે પ્રેમ હોવો જોઈએ તે કાયદાના રક્ષકોના આચાર વિચાર, વાણી અને વ્યવહારના કારણે જળવાતા નથી ગમે તેટલો ગુન્હો કરીશું તો લાંચ આપી છટકી જઈશું આ માનસીકતા કયારેય બદલાશે નહિ. ટ્રાફિકના નિયમો હોય સામાન્ય સીટબેલ્ટ કે હેલમેટનો દંડથી બચવા હોય કે ગંભીર ગુન્હો આચારેલ હોય દરેક વ્યક્તિ લાગવગ, દાબ દબાણ કે છેવટે ભ્રષ્ટાચારથી ગુન્હામાંથી છટકી જવાનો ભરપુર પ્રયત્ન કરતો હોય છે. પુરતા પ્રમાણમાં કાયદાઓ છે પરંતુ ઈમાનદારીથી તેનું પાલન કરવા કે કરાવવા વાળા નથી જયાં સુધી દરેક વ્યક્તિને ફરજ અને હક્કનું ભાન નહિ થાય ત્યાં સુધી ફરજપરસ્તી, દેશભક્તિ કે ન્યાય તંત્ર ઉપર કડકાઈથી શેહ શરમ છોડી રાજકારણના હાથા બન્યા સીવાય કે ન્યાયને તોલ્યા સીવાય ન્યાય તોળશે ત્યારે જ આમ જનતાને ન્યાય તંત્રમાં વિશ્વાસ અને શ્રધ્ધા બેસશે તો જ કાયદાનું પ્રેમથી પાલન કરશે અને કરાવશે. મારે શું? અને મારૂ શું? ની ભાવનામાંથી બહાર આવી માનસીકતા શાસક પક્ષ, રાજકિય પક્ષ અને ન્યાયપાલીકાએ બદલવાની તાતી જરૂર છે તો જ સાંપ્રત ઘટનાઓથી આવનાર પેઢી બોધપાઠ લઈ સ્વચ્છ, તંદુરસ્ત અને સલામત ભારતની કલ્પના સાકાર થશે. કાયદાનું પાલન કરવા અને કરાવવામાં ઉત્સાહમાં વધારો કરવો પડશે. વિદેશમાં ચુસ્ત રીતે કાયદાનું કડક પાલન કરતા ભારતીયો પોતાના દેશમાં આવી કાયદો તોડવામાં બહાદુરી સમજે છે. લાંચ આપી છુટી જવાની માનસીકતામાં બદલાવ નહિ આવે ત્યાં સુધી સુધારો શકય નથી.

કાયદાનો સીધો સંબંધ શિક્ષણ સાથે છે. શિક્ષીત વ્યક્તિ જ કાયદાનું પાલન બરાબર કરાવી શકેશે તો જ અશિક્ષીત લોકોમાં જાગૃતતા આવશે શોર્ટકટ તથા વ્યક્તિગત સ્વાર્થમાંથી દરેક લોકો બહાર આવી આમ જનતાની અગવડતા, સલામતીને ધ્યાનમાં રાખતા શીખશે ત્યારે જ ભારતનો વિકાસ શકય છે. સંગ્રાહખોરી, ભ્રષ્ટાચાર, વ્યાજખોરી, નફાખોરી, લાગવગશાહિ, વ્યસન વિગેરે કાયદાને અને દેશને ઉધઈની જેમ ભરડો લઈ ખાઈ જાય છે જેનાથી આવનાર પેઢીને બચાવી સુરક્ષીત કરી સલામતીની ખાતરી જયાં સુધી ન્યાયપાલીકા દ્વારા આપવામાં નહિ આવે ત્યાં સુધી સમાજનો આમ આદમી શોષણથી મુક્ત નહિ બની શકે જયાં સુધી કાયદાનું પાલન ભયથી નહિ પણ પ્રેમથી નહિ કરે ત્યાં સુધી સ્વચ્છ ભારતનું નિર્માણ શકય નથી માત્ર નોટ બંધીથી ભ્રષ્ટાચાર મુક્ત થવાનો નથી. કાયદાના ચુસ્ત પાલન, ફરજીયાત રીતે કરવું જરૂરી છે. ઈમાનદારી અને લોકશાહિની ઈજ્જત કરવાથી જ તંદુરસ્ત સ્વાસ્થ્ય અને સલામત ભારતનું નિર્માણ શકય છે. આ માટે દારૂબંધીના કાયદામાં જે કડક અમલવારી શરૂ કરવામાં આવી તે જ રીતે દરેક કાયદાના પાલન માટે સુધારા કરી દંડ તથા સજામાં વધારો કરી કાયદાનો ભયની સાથે પ્રેમથી પાલન કરાવવા ફરજ પાડવી જોઈએ.

# અબ... આનેવાલી પ્રભાત હમારે સપનોં કી હૈ



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

અદ્‌ભૂત છે ને....
'દિવસ' બદલાય છે...
ને એ પણ
'અડધી રાતે...'!!

વર્ષ ૨૦૧૬નું આ અંતિમ સપ્તાહ છે. ક્રિસમસથી શરૂ કરીને છેક ૩૧ ડિસેમ્બર સુધી હવે બધે જ ઉજવણી અને પાર્ટીનો માહોલ જામ્યો હશે! પણ આમ જોવા જઈએ તો આ તહેવારો અને ઊજવણી અને પાર્ટીસ એવા વ્યક્તિઓને ગમે છે જે પોતે સુખી, ખુશ અને તંદુરસ્ત હોય અને તેમની આસપાસ રહેતા તેમના અંગત મિત્રો પણ સુખી અને ખુશ હોય. જે વ્યક્તિ ઠંડીમાં આખી રાત રોડ ઉપર કઈ રીતે વિતાવવી એ મૂંઝવણમાં હોય તેના માટે શું ન્યૂ યર સેલીબ્રેશન કે શું ક્રિસમસ પાર્ટી ? આ જ રીતે જે વ્યક્તિ નિરાશ અને હતાશ હોય તેને મન પણ વર્ષ બદલાવવાથી કોઈ ફેર પડવાનો નથી. આપણે સૌ જાણીએ છીએ કે સમગ્ર વિશ્વમાં ૩૧મી ડિસેમ્બરે રાત્રે ૧૨ વાગ્યાના ટકોરા સાથે નવા વર્ષનું ધામધૂમથી સ્વાગત કરવામાં આવશે. પણ આમ જોવા જઈએ તો દિવસ બદલાય કે વર્ષ બદલાય એ પ્રક્રિયા મધરાતે એટલે કે રાત્રે ૧૨ વાગ્યે થાય છે. અડધી રાતે એટલે જીવનની આ મઝધારમાં દુઃખરૂપી અંધકારમાં ડૂબેલી વ્યક્તિ જયારે સાવ હતાશ કે નિરાશ થઈ જાય છે ત્યારે એક સોનેરી કિરણ સમી આશાની લહેર કયાંકથી ઊઠે જ છે. જયારે મનુષ્યની સહન કરવાની ક્ષમતા પૂરી થઈ જાય ત્યારે ઈશ્વર તેનો હાથ પકડીને તેને ઉગારી જ લે છે. કવયિત્રી ઈશા કુન્દનિકા લખે છે તેમ,

'પગલું માંડું હું અવકાશમાં,
જોઉં નીચે હરિવરનો હાથ.'

આપણે સૌ પોતપોતાના ક્ષેત્રમાં, ઘરમાં, બહાર, બધે જ એક પ્રકારનો સંઘર્ષ કરતા જ હોઈએ છીએ. દરેકના જીવનમાં તકલીફો, સમસ્યાઓ, અવરોધો કે અડચણ આવતા જ હોય છે. આમ છતાં આપણા તમામનું જીવન એકસમાન નથી એનું મુખ્ય કારણ છે આપણો પરિસ્થિતિ પ્રત્યેનો દષ્ટિકોણ. અન્યની મુશ્કેલી અને તકલીફ આપણને હંમેશા ઓછી અને આસાન લાગતી હોય છે પરંતુ, એ જ પરિસ્થિતિમાં પોતે મૂકાઈ જઈએ ત્યારે હિંમત હારી બેસીએ છીએ તેના કારણે કયારેક આપણા સ્વભાવ, વાણી અને વર્તનમાં ખૂબ મોટા ફેરફારો આવી જાય છે. અને એ જ બાબતો લાંબા સમયે આપણને નિરાશા, હતાશા અને નિષ્ફળતાની ઊંડી ખાઈમાં ધકેલી દે છે. આપણે જો સકારાત્મક અભિગમ, જીવન પ્રત્યેની ધગશ અને સખત પરિશ્રમ દ્વારા સતત પરિસ્થિતિને યથાયોગ્ય બનાવવા માટે પ્રયત્ન કરીએ તો ધાર્યું પણ ન હોય એવા ચમત્કારિક પરિણામો મેળવી શકાય છે. શ્રી નક્ષત્રસિંહ લખે છે તેમ,

'ડગર મુશ્કિલ હૈ, થકના મત,
હવાએં તેજ હૈ, ટૂટના મત.
રાત અંધેરી હૈ, ખોના મત.
ચલતે રહો અડિગ, માર્ગ પર અપને,
કિસી તરહ રાત કો ગુજર જાને દો.
જલ્દ હી પૂરબ હોગા પ્રજ્વલિત,
ગીત પ્રભાત કે હોંગે હર વૃક્ષ પર,
ઓ હમસફર, ચલતે રહો અડિગ,
અબ, આનેવાલી પ્રભાત હમારે સપનોં કી હૈ.'

જયારે જીવનમાં ચારે તરફ અંધકાર અને હતાશા વ્યાપેલા હોય ત્યારે શાંત અને સ્થિર રહેવું ખરેખર ખૂબ અઘરું છે પરંતુ જો એકવાર ધીરજપૂર્વક આ સમયને વીતવા દઈશું તો નવલું પ્રભાત ઊગશે જ. વર્ષ બદલાય, રાત બદલાય, તારીખ બદલાય એ સમયનો ક્રમ છે અને એ એની નિયત ગતિ અનુસાર પસાર થઈ જ જશે. માટે આપણે તો સાક્ષીભાવે રહીને જીવનના તમામ કાર્યો પરિશ્રમપૂર્વક અને નિયમિત રીતે કર્યા કરવાના છે. ઘણીવાર આપણે સાવ સીધી સાદી અને સરળ બાબત પણ સમજી શકતા નથી. કારણ કે આપણા મનમાં સતત આશંકા અને અજંપો રહેલો હોય છે. આપણે આપણી જાતમાં જ વિશ્વાસ કેળવીને જાતના વિકાસ માટે પ્રયત્નશીલ બનવાનું છે.

'પોતાની જાતને એટલી પણ બચાવી ન રાખ,
વરસાદ આવે તો ભીંજાઈ લે,
ચાંદ લાવીને કોઈ નહિ આપે તને,
ખુદ પોતાના જ ચહેરાથી ઝગમગી તો જો !'


આર્થર અશે, એક લિજન્ડની વિમ્બલ્ડન ખેલાડી છે જેને ૧૯૮૩માં એક સર્જરી દરમિયાન એઈડ્સગ્રસ્ત બ્લડના કારણે આ જીવલેણ બિમારીનો ભોગ બનવું પડ્યું! સમગ્ર વિશ્વભરમાંથી તેના ચાહકોના મેસેજીસ અને શુભેચ્છાઓ, કાગળો તેને મળ્યા. તેમાંના એક હતાશ ચાહકે પત્રમાં પોતાની વ્યથા ઠાલવતા લખ્યું કે, 'શા માટે ઈશ્વરે તમને આવી ભયંકર બિમારીનો ભોગ બનાવ્યા હશે?' તેના જવાબમાં આર્થરે ખુબ સુંદર જવાબ આપ્યો : 'કરોડોની વસ્તીના આ વિશ્વમાં લાખો બાળકો ટેનિસ રમવાનું શરું કરતા હશે, તેમાંથી ૫ લાખ જેટલા બાળકો તે શીખી શકતા હશે, ૫૦ હજાર જેટલાં માંડ સરકીટમાં આવતા હશે, ૫૦૦૦ જેટલા ભાગ્યે જ ગ્રાન્ડ સ્લેમ સુધી પહોંચતા હશે, ૫૦ જેટલા વિમ્બલ્ડન અને માત્ર ૪ સેમી ફાઈનલ સુધી અને બે જ ફાઈનલમાં પહોંચતા હશે. જયારે મેં મારા હાથમાં વિમ્બલ્ડનનો કપ મેળવ્યો, ત્યારે મેં ઈશ્વરને નથી પૂછ્યું કે આટલા બધામાંથી તેણે મને જ શા માટે આ સિદ્ધિ અપાવી? તેથી, આજે દુઃખમાં હું એને ન જ પૂછી શકું કે શા માટે મને આ બિમારી માટે એણે પસંદ કર્યો?' તો આવો હસતાં હસતાં આવનાર વર્ષની ખેલદિલીપૂર્વક સ્વીકાર કરીએ. અને તેને આવકારીએ.

Last Sean :

જયારે ભગવાન તમારી સમસ્યા દૂર કરી આવે છે ત્યારે તમને એમની ક્ષમતામાં વિશ્વાસ બેસે છે પણ એ તમારી સમસ્યા દૂર ન કરે ત્યારે, ખાસ યાદ રાખજો - કે એમને તમારી ક્ષમતા પર વિશ્વાસ છે.

- nehalgadhavi101@gmail.com

# વહેલી ચૂંટણીના પડઘમમાં ગુજરાતમાં ધમધમાટ



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું રાજકારણ મહદ્અંશે એમના પોતાનાઓને જ સમજાતું નથી, તો વિરોધીઓને તો સમજાય જ ક્યાંથી? અત્યારે ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજવાની ચર્ચા શરૂ કરાવી છે. જરૂરી નથી કે ડિસેમ્બર ૨૦૧૭ને બદલે માર્ચ કે મે ૨૦૧૭માં ઉત્તર પ્રદેશ, પંજાબ અને ગોવા સહિતનાં પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીની સાથે જ ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાઈ જાય. મોદીબ્રાન્ડ રાજકારણમાં એક્શનના રિએક્શનનું સવિશેષ મહત્ત્વ હોય છે. છ મહિના વહેલી ચૂંટણી યોજવામાં આવે તો ગુજરાત જીતવાનું શક્ય છે કે હવેલી લેવા જતાં ગુજરાત ખોવાનો

- **ઈંદિરાજીને વિજયના કાઓ-વચનની જેમ નરેન્દ્ર મોદી ભોળવાય એવા નથી**
- **સાહેબની કૃપાથી રૂપાણી પ્રોબેશનરમાંથી કન્ફર્મેશન મેળવીને કાયમી થઈ શકે**
- **૧૭ જાન્યુઆરીએ હાર્દિકનો ગુજરાતવટો પૂરો થવાની યુવાત્રિપુટીને પ્રતીક્ષા**
- **કૉંગ્રેસમાં અકળામણ અનુભવતા બાપુ આસમાની સુલતાની કરે તો નવાઈ નહીં**

વારો આવશે, એની ગણતરીની શતરંજચાલો માંડીને 'ચાણક્ય'માંથી 'ચંદ્રગુપ્ત' બનેલા નરેન્દ્ર દામોદરદાસ મોદી કામે વળ્યા છે.નોટબંધીના પ્રતિભાવ સરકારી વાજિંત્રો અને પક્ષના વાજિંત્રમાં તો સારા મેળવાય છે. જોકે એના પ્રજામાં ખરેખરા કેવા પ્રત્યાઘાત પડ્યા છે એના પર ચૂંટણી વહેલી કે મોડી યોજવાનો નિર્ણય ચૂંટણીપંચ પાસે કરાવવાનો વ્યૂહ અપનાવાશે. હમણાં રાહુલ ગાંધી મોદીના ગઢમાં આવીને ખુલ્લેઆમ નરેન્દ્રભાઈ પર ભ્રષ્ટાચારના આક્ષેપ કરી ગયા એ વાત, આક્ષેપોને નકારવા છતાં, ભાજપને તમ્મર લાવે તેવી ઘટના હતી.જનમેદની પણ ભારે ઉમટી હતી.

ઈંદિરા ગાંધી વડાં પ્રધાન હતાં ત્યારે ઈમર્જન્સી (૧૯૭૫-૭૭) દરમિયાન ગુપ્તચર સંસ્થા રિસર્ચ એન્ડ એનાલિસીસ વિંગ (રો)ના વડા રામેશ્વરનાથ કાઓના બ્રિફીંગને આધારે ઈંદિરાજીએ ચૂંટણી જાહેર કરી હતી. એ લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસ ઉત્તર ભારતમાંથી સાવ જ સાફ થઈ ગઈ હતી, એટલું જ નહીં સ્વયં શ્રીમતી ગાંધી પણ રાયબરેલીની બેઠક પર એક 'જોકર' ગણાતા રાજનારાયણ સામે હારી ગયાં હતાં.ચૌધરી ચરણસિંહના 'હનુમાન' ગણાતા રાજનારાયણના નાટકવેડા સુપરિચિત છે. જોકે અધિકારીઓ કે નાણાંથી સર્વે કરનારાઓનાં ગળચટ્યાં તારણોથી ભોળવાઈ જાય એ નરેન્દ્રભાઈ નહીં. એટલે એ પોતાની રીતે ખરા જનપ્રતિસાદને જાણીને,નાણીને જ, વિજયની ખાતરી મળે તો જ ગુજરાતમાં વહેલી ચૂંટણી જાહેર કરવાનું જોખમ વહોરે. અન્યથા વાજપેયી સરકારની મુદ્દત એક વર્ષ જેટલી બાકી હતી ત્યાં 'ઈંડિયા શાઈનિંગ' કરવા નીકળી પડેલા લાલકૃષ્ણ અડવાણી અને પ્રમોદ મહાજનને ચૂંટણીમાં ભાજપનો રકાસ અનુભવાયો હતો, એનું પુનરાવર્તન થઈ શકે. ગુજરાતની ગાદીએ આવવા માટે કાયમના ઉતાવળા અમિત શાહની ઉતાવળને મોદીની લીલીઝંડી મળે જ એવું નથી. આડી રાત એની શી વાત? ઉત્તર પ્રદેશ જીતાય તો શાહની ગાદી પાકી.

ગુજરાતના મુખ્યપ્રધાન પદે વિજય રૂપાણી આવ્યા છે ત્યારે એમને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની પાદુકા રાખીને શ્રીરામના ભરતની જેમ ગાંધીનગરની ગાદી સંભાળી રહ્યા હોવાની છાપ પ્રચલિત કરાઈ છે. સર્વમિત્ર રૂપાણી બધાને સાથે રાખીને ચાલવામાં માને છે. વડા પ્રધાન મોદી પણ રૂપાણી અને શાહ પ્રત્યે વિશેષ અનુરાગ ધરાવે છે. જોકે નોટબંધી પછી સંબંધોનાં સમીકરણોમાં થોડીક ખટાશ આવ્યાની ચર્ચા છે. ભૂતપૂર્વ મુખ્યપ્રધાન આનંદીબહેન પટેલ 'એસર્ટ' કરવા માંડ્યાં છે. સરકારી નિમણૂકો અમિતભાઈના નિર્દેશાનુસાર થઈ રહ્યાની ચર્ચા વચ્ચે આનંદીબહેનના નિષ્ઠાવંતોને અવગણવામાં આવે નહીં એ વાત પણ વજનદાર બનવા માંડી છે. મોદીએ નાછૂટકે અને અમિત શાહના દુરાગ્રહને પરિણામે જ શ્રીમતી પટેલને ગાદી છોડાવીને,નીતિન પટેલને ખો આપીને, લાઈટવેઈટ ગણાતા રૂપાણીને મૂકાવ્યા. શાહ પણ ઉત્તર ગુજરાતના છે. મોદી, આનંદીબહેન અને નીતિન પટેલ પણ ઉત્તર ગુજરાતનાં છે. શાહ કદાચ વીસરી જાય છે કે રૂપાણી કાઠિયાવાડી છે. એ જૈન પણ છે. ગમે ત્યારે મોદી સાથે ગોઠવણ કરીને ગાંધીનગરની ગાદીએ પ્રોબેશનરમાંથી કન્ફર્મેશન મેળવીને કાયમી થઈ શકે છે. અમિતભાઈની વિરુદ્ધ જવાની હિંમત ભાજપમાં કોઈ કરતું નથી, જે રીતે કૉંગ્રેસમાં પક્ષની ગુજરાતમાં મુસ્લિમ પાર્ટીની છબિ ઉપસાવવાનું નિમિત્ત મનાતા કૉંગ્રેસપ્રમુખના રાજકીય સલાહકાર એવા અહમદ પટેલની વિરુદ્ધમાં જવાની હિંમત શંકરસિંહ વાઘેલા પણ કરી શકતા નથી.જોકે મોદીના વ્યૂહ ક્યારે કોને યોગ્ય લેખવાનું પસંદ કરે એ જોઈને રાજકીય વૃક્ષોનાં પાંદડાં હલે છે. જરૂરી નથી કે રૂપાણી કાયમ અમિતભાઈના કહ્યાગરા થઈને નર્તન કરે. આ ગુજરાતમાં જ ક્યારેક માધવસિંહ સોલંકીના કહ્યાગરા અમરસિંહ ચૌધરી કેવી આંખો બતાવતા થયા હતા, એ સુવિદિત છે. આવતા દિવસોમાં પણ ભાજપનું મોવડીમંડળ એટલે કે દિલ્હીશ્વર મોદી અને નાગપુરસ્થિત (હવે તો દિલ્હીના ઝંડેલવાલામાં સ્થિત) સંઘસુપ્રીમો ડૉ.મોહનરાવજી ભાગવત બેઉ મળીને કે ફોન પર નક્કી કરે એ સહી. કૉંગ્રેસની મોવડીમંડળ પરંપરાને ભાજપે પણ આત્મસાત્ કરી લીધી છે. કારણ એની માતૃસંસ્થા સંઘના સંસ્થાપક ડૉ. કેશવ બલિરામ હેડગેવાર છેક ૧૯૩૭ સુધી કૉંગ્રેસી નેતા જ હતા.

ગુજરાતના સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં ભૂકંપ સર્જનાર પાટીદાર અનામત લડતના અગ્રણી હાર્દિક પટેલ, ઓબીસીના અધિકારોના જતન માટે અને સામાજિક સુધારા લાવવાની ઝુંબેશ ચલાવનાર ઠાકોર સેનાના અગ્રણી અલ્પેશ ઠાકોર અને દલિત જાગૃતિનો અવાજ બનીને ઉનાકાંડને પગલે ઉપસેલા જિજ્ઞેશ મેવાણીની યુવાત્રિપુટી ભણી સત્તારૂઢ ભાજપ સંતાપથી જુએ છે અને કૉંગ્રેસ એમને પોતીકા કરવાની વેતરણમાં છે. મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ પાટીદારોના અસંતોષની આગને ઠારવા એમનાં સંગઠનો 'પાસ' અને 'એસપીજી' સાથે મંત્રણાના દોર આરંભીને એમને ભાજપના જ સમર્થનમાં જાળવવાની વેતરણમાં છે. પૂર્વ મુખ્યપ્રધાન આનંદીબહેન પટેલના જડ વલણે પટેલોને નારાજ કરીને બહુમતી જિલ્લા પંચાયતો અને તાલુકા-

અનુસંધાન પાના નં. ૭ પર